# કાયમી લોક અદાલત

## વલ્લભીપુરના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ, ની કોર્ટમાં

ફોજદારી કેસ નં.૩૮૬ /૨૦૨૫

આંક– ૦૮

*આરોપી :* *રાહુલભાઈ બચુભાઈ બાવળીયા*

*ગુન્હો : ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬–૧–બી અન્વયે.*

:: ચુકાદો ::

૧. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષના કેસ મુજબ ચાર્જશીટના કોલમ નં. ૫ મુજબનો ગુન્હો કરેલ હોવાથી આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૨૦૧૬ ની કલમ ૬૬(૧)(બી) મુજબના ગુન્હા માટે પોલીસે ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આજરોજ આરોપી તેઓના વિદ્વાન વકિલશ્રી એચ.એમ.મકવાણા સાથે અત્રેની અદાલતમાં હાજર છે.

૩. ચાર્જશીટના આધારે આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ પેપસની નકલ પુરી પાડવામાં આવેલ અને આરોપી સ્વેચ્છાએ પોતાનો ગુન્હો કબુલ કરતા હોય અને આ કામના આરોપીએ ગુન્હો કબુલાત પુરશીશ રજુ કરેલ છે. તે ધ્યાને લેતા, તેમાં તેમણે ભવિષ્યમાં ગુન્હો નહીં બને તેની ખાત્રી આપી છે, તેથી આરોપીની ગુન્હા કબુલાત સાચી અને સ્વેચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે.

૪. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૨૩ હેઠળ સમુદાય સેવા (**Community Service**) ને કોર્ટ દ્વારા દોષિતને સજાના એક સ્વરૂપ તરીકે સોંપવામાં આવેલું કાર્ય કે જે સમુદાયને ફાયદો પહોંચાડે, જેના માટે તેને કોઈ વળતર મળશે નહીં" તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. અપરાધીઓને કયા પ્રકારનું કામ સોંપવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી, પરંતુ તેમની લાયકાત અને કૌશલ્યોના આધારે, કાર્યોમાં શેરીઓ સ્વચ્છ કરવી, સામાજિક કલ્યાણ પ્રોજેક્ટ્સમાં મદદ કરવી, હોસ્પિટલોમાં સેવા આપવી અથવા પર્યાવરણીય સંરક્ષણ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો સમાવેશ થઈ શકે છે. **BNS** ની કલમ 4(**f**) હેઠળ સમુદાય સેવાને સજાના એક પ્રકાર તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે છ ગુનાઓ માટે આપી શકાય છે: (**i**) કલમ 202: જાહેર નોકર દ્વારા ગેરકાયદેસર વેપાર કરવો; (**ii**) કલમ 209: **BNSS** ની કલમ 84 હેઠળ ઘોષણાના જવાબમાં કોર્ટમાં હાજર ન થવું; (**iii**) કલમ 226: કાયદેસર સત્તાના ઉપયોગને ફરજ પાડવા અથવા રોકવા માટે આત્મહત્યાનો પ્રયાસ; (**iv**) કલમ 303(2): ચોરી જેમાં ચોરાયેલ મિલકતનું મૂલ્ય ₹5000 થી ઓછું હોય અને વ્યક્તિ પ્રથમ વખત

દોષિત ઠરે અને મિલકતનું મૂલ્ય પરત કરે; (v) કલમ 355: નશામાં ધૂત વ્યક્તિ દ્વારા જાહેર સ્થળે ગેરવર્તન; (vi) કલમ 356(2): બદનક્ષી.

૫. હાલના કેસમાં પણ આરોપી જાહેરમાં કેફી પદાથનું સેવન કરતા મળી આવતા તેઓ વિરૂધ્ધ હાલની ફરિયાદ કરવામાં આવેલ અને તેના અંતે હાલનું ચાજશીટ કરવામા આવેલ.

૬. તેથી આ કામના આરોપીની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું :

## <u>:હુકમ:</u>

૧. આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એક્ટ ની કલમ ૬૬(૧)(બી) ના ગુનામાં દોષીત ઠરાવી આરોપીને શ્રી સરકારી કેન્દ્વવર્તી શાળા નં.૧/૨, વલ્લભીપુરમાં પાંચ છોડવા રોપવાનો/કુંડા આપવાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોક્ત દંડનું પાલન કરવવામાં કસુર કરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય વિત્યેથી સરકારમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નીયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. આ હુકમની યાદી પ્રિન્સીપાલશ્રી, શ્રી સરકારી કેન્દ્વવર્તી શાળા નં.૧/૨, વલ્લભીપુર ને કરવી.

આજરોજ તારીખ ૩૦મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં કાયમી લોક અદાલતના દિવસે વાંચી, સંભળાવી જાહેર કર્યો.

*સ્થળ : વલ્લભીપુર*
*તારીખ: ૩૦.૦૩.૨૦૨૬*

*આકાર લલિતકુમાર ત્રિવેદી*
*જ્યુડી.મેજી., ફ.ક., વલ્લભીપુર*
*(કોડ નં.જી.જે.૦૧૫૫૭)*